સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 6 | ગુજરાતી | જુલાઈ, 2020

સમય 1 :કલાક | કુલ ગુણ: 25

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. ચિત્રવર્ણન કરી શકે છે અને લખી શકે છે.

પ્રશ્ન -1 **ધોરણ-6 ગુજરાતીના પાના નંબર-1 પર આપેલ નીચેના ચિત્રના આધારે રેલવે સ્ટેશનનું વર્ણન પાંચ વાકયોમાં લખો.** (5)



પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટેઃ રેલવે સ્ટેશન વિશે પાંચ વાકયો લખો.

અ.નિ. વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબધો તારવી જવાબ આપી શકે છે.

પ્રશ્ન-2 **પ્રશ્નોના જવાબ લખો.**

1 કવિ પોતાને ભારતભૂમિના સંતાન શા માટે કહે છે? (2)

2 નીચે આપેલી સૂચના તમને કયાં સ્થળોએ જોવા મળે છે ? (2)

(1) અહીં ધૂમ્રપાન કરવાની મનાઈ છે.

(2) પગરખાં અહીં ઉતારો.

3 'બધાં એકબીજા સાથે પ્રેમ અને સહકારની ભાવનાથી રહે.' - આ ભાવ દર્શાવતી પંક્તિ કાવ્યમાંથી શોધીને લખો. (1)

અ.નિ. સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે. (5)

પ્રશ્ન-3 **ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

પહેલો વરસાદ વરસ્યો. સારી રીતે વરસ્યો. ટેકરા ધોવાયા, ખાડા ભરાયા, ખાડે ખાડે દેડકાં ઊભરાયાં. એક-બે નહિ, બે-ચાર નહિ, પાંચ-પચ્ચીસ નહિ પણ આ તો પચાસ-સો ! દેડકાની મોટી સેના ! એક બોલે ડ્રાઉં ડ્રાઉં, બધાં બોલે ડ્રાઉં ડ્રાઉં. એક ચૂપ રહે, બધાં ચૂપ રહે. પણ આ દેડકાં ઊભરાયાં ક્યાંથી? કાલ સુધી તો દેડકાનું નામનિશાન પણ ન હતું. કાલની વાત તો રહી, આ હમણાં વરસાદ વરસ્યા પહેલાં દેડકાં હતાં જ ક્યાં ? હોય એકાદ રડ્યુંખડ્યું : પાણીના ખાડામાં કે તળાવમાં રહેતું હોય. પણ આ દેડકાની હાર નીકળી ક્યાંથી?

કાલે જ મને ખબર પડી. વરસાદ બંધ પડે, પાણી સુકાઈ જાય એટલે દેડકાં દોડતાં ખાડાની ખોભાણોમાં ભરાઈ જાય. જ્યાં ભીનાશ હોય ત્યાં ભરાઈને ભાઈબંધો ઊંઘવા માંડે. ફરી જયારે વરસાદ આવે ને પાણી મળે એટલે દેડકાંભાઈઓના જીવમાં જીવ આવે, ધીરે ધીરે શ્વાસ લેવા લાગે; લોહી ફરવા લાગે; હૃદય ધબકારા લેવા લાગે ને ગળું હલહલ થવા માંડે. ભાઈઓનો સુરીલો સૂર નીકળે : ડ્રાઉં ડ્રાઉં ડ્રાઉં ! એકાદ જીવડું નજરે પડે તો તાળવે ચોંટેલી જીભ લબ કરીને જીવડા તરફ ફેંકે ; પછી પેટમાં સ્વાહા !

લહેરમાં આવે ત્યારે ભાઈઓ તરવા લાગે. પાણીમાં બહાર નીકળી ફૂદાફૂદ કરે. વરસાદ આવે ત્યારે તાનામાના, અને ન આવે ત્યારે છાનામાના !

1. ચોમાસાની ઋતુ સિવાય દેડકાં ક્યાં જતાં રહે છે?
2. વરસાદ આવે ને પાણી મળે એટલે દેડકાંભાઈઓના <u>જીવમાં જીવ આવે</u>.
   અહીં લીટી દોરેલ શબ્દજૂથના સ્થાને સમાન અર્થ ધરાવતા શબ્દો મૂકી વાક્ય ફરીથી લખો.
3. "રડ્યાખડ્યા" શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો
4. ખોભાણો એટલે શું?
5. દેડકાં અંદાજે કેટલા મહિના બખોલમાં નિષ્ક્રિય પડી રહે?

અ.નિ. આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન -4 સૂચના પ્રમાણે લખો. **(5)**

1. ઉદાહરણ મુજબ બીજા બે શબ્દો લખો.
   અંજન–મંજન ચાહો - ..... , ચંદન - .....
2. વરસાદ અને સ્વેટર: આ બે શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો.
3. શબ્દોને યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.
   હતું ઝાડ પંખી એક ઉપર ગાતું બેઠુ સુંદર બેઠું ગીતો.
4. અમારા ગણિતના શિક્ષક ભાષાનું પણ ખૂબ ..... ધરાવે છે. (જ્ઞાન, અજ્ઞાન)
5. આપ સમાન બળ નહિ, મેઘ ..... જળ નહિ. (સમાન, અસમાન)

અ.નિ. પરિચિત પ્રસંગો, સ્થળો અને પરિસ્થિતિનું વર્ણન કરી શકે છે.

પ્રશ્ન -5 અત્યારે તમે ઘરે શું શું કરો છો? સવારથી રાત સુધીની દિનચર્યા તમારા શબ્દોમાં લખો. **(5)**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-6 ગુજરાતી ડિસેમ્બર, 2020

સમય- 1 કલાક ગુણ-25

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. મુદ્દા પરથી વાર્તા લેખન કરી શકે છે.

પ્રશ્ન – 1 મુદ્દા પરથી વાર્તા લખો. 5

રામ- સીતાનો વનવાસ -સોનેરી હરણની માંગ- રામનું લેવા જવું -રાવણનું ઝૂંપડીમાં આગમન-સીતાહરણ- હનુમાન અને રામનું મિલન- હનુમાન દ્વારા સીતાની શોધ- સમુદ્રપાર લંકામાં જવું- હનુમાનને સીતાજીનાં દર્શન- રાવણ સમક્ષ સભામાં હાજર- લંકાદહન.

અ.નિ. આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન - 2 યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. 5

(થિયેટર, પ્યૂન, કેબીન, રાહ, મજા, મેનેજર, આભાર, ઇન્ટરવલ, હળવા, નાસ્તો)

હું ..... ની બહાર મિત્રની .....જોતો ઉભો હતો. તે અચાનક ..... સાથે આવ્યો. અમને બંનેને બાલ્કનીમાં વ્યવસ્થિત બેસાડી તેઓ પોતાની ..... માં ચાલ્યા ગયા. ફિલ્મ શરૂ થઇ. ફિલ્મમાં અમને ખૂબ ..... પડવા લાગી. એટલામાં જ ..... નો સમય થયો. અમે જરા ..... થતા હતા ત્યાં જ ..... અમારા માટે..... લઈને આવ્યો. અમે તેની પણ મજા માણી. ફિલ્મ પૂરી થતા મેનેજરનો ..... માની અમે બંને મિત્રો છૂટા પડ્યા.

અ.નિ. સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે.

પ્રશ્ન - 3 પ્રશ્નોના જવાબ આપો.

1) રાવણ, વિભીષણ, મંદોદરી, ઇન્દ્રજીત, અક્ષય, હનુમાન આ પાત્રો પૈકી કયાં પાત્રોનો 'રાવણનું મિથ્યાભિમાન' કાવ્યમાં સમાવેશ થયેલ નથી ? 1

2) 'જ્યાં દેવદૂતો પગ મૂકતાં ડરે છે, ત્યાં મૂર્ખાઓ દોડી જાય છે.' સમજાવો. 2

3) 'લોકગીત' કોને કહેવાય? 2

અ.નિ. ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન - 4 માગ્યા મુજબ કરો. 5

1) મેં કહ્યું ના રે ના સાહેબ આપે આજે અમને ઘણી મદદ કરી છે – યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

2) ..... ઠંડીમાં ..... ચા પીધી. (ગરમાગરમ, કડકડતી)

3) 'મોતિયા મરી ગયા' – રૂઢિપ્રયોગનો અર્થ આપી વાકયપ્રયોગ કરો.

4) વાંદરાનું ટોળું તૂટી પડ્યું જામફળની વાડી પર.- વાક્યમાંથી ક્રિયાપદ શોધી યોગ્ય જગ્યાએ મૂકી વાક્ય ફરીથી લખો.

5) દૂધ, પાણી, પેટ્રોલ, તેલ. – આ શબ્દો ..... છે. (વ્યક્તિવાચક નામ, જાતિવાચક નામ, દ્રવ્યવાચક નામ)

અ.નિ. વાર્તા, કાવ્યો, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી અને સમજી શકે છે

પ્રશ્ન - 5 તમે જોયેલી કોઈ એક ફિલ્મ કે નાટક વિષે 8-10 વાક્યો લખો. 5

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-6 **ગુજરાતી** **સપ્ટેમ્બર, 2020**

સમય-1 કલાક **કુલ ગુણ : 25**

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સમજી શકે છે.

પ્રશ્ન -1 આપેલ શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. (05)

(વાંહે, સંઘિયા, ભણી, ઢુંકડો, ઝાલોને)

ગાડા ..... આવીને હરખચંદ વાણિયો ગાડામાં કોથળો નાંખવા જાય છે, ત્યાં તો બળદોને ડચકારો કરી કહળસંગે ગાડું હાંકી મૂક્યું. મોર્ય ગાડું ને ..... હરખચંદ શેઠ બજાર સોંસરવા થઈને છેક ગામની ભાગોળે આવ્યા. શેઠિયે રાડ્ય પાડી: 'એ...ઈ કહળસંગભૈ ! ઘડીવાર બળદોને તાણી ..... ! માથે અઢી બે મણ ભાર છે ઈતો જુઓ.' 'શું કરું શેઠ ! આ ..... બળદિયા બઉ પાણિયાળા છે. ઘર ..... વહેતા થિયા પછી તાણી ઝાલ્યા રહેતા નથી.'

અ.નિ. સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે.

પ્રશ્ન-2 પ્રશ્નોના જવાબ લખો. (05)

1. 'માણસાઈના દીવા' એટલે શું ?
2. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' એટલે શું ?
3. 'સ્વમૂલ્યાંકન' એટલે કેવું મૂલ્યાંકન ?
4. 'સીમ સાદ કરે છે' એટલે શું ?
5. મહા મહિનાની વદ ચૌદસ એટલે કયો દિવસ ?

અ.નિ. પરિચિત પ્રસંગો, સ્થળો કે પરિસ્થિતિનું વર્ણન કરી શકે છે.

પ્રશ્ન-3 આપેલ પરિસ્થિતિમાં તમે શું કરશો તે લખો. (05)

1. તમને રસ્તા પરથી બિસ્કીટ ભરેલી થેલી મળે તો...
2. તમારા મનપસંદ ક્રિકેટર તમને રસ્તામાં મળે તો...
3. તમે રાત્રે ગૃહકાર્ય કરવા બેસો અને લાઈટ બંધ થઇ જાય તો...
4. તમારા શિક્ષક અચાનક તમારા ઘરે આવી જાય તો...
5. રમતાં રમતાં તમારો મિત્ર પડી જાય તો...

અ.નિ. આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકશે.

પ્રશ્ન -4 સૂચના પ્રમાણે લખો.

1. શબ્દનો ઉપયોગ કરી વાકયો બનાવો. (02)

   (i) ઢગલેઢગલા, ઠેરઠેર (ii) દાતરડાં, સીમ

2. લીટી દોરેલ શબ્દને સ્થાને ગુજરાતી શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો. (01)

   - મહેશ ઘઉં લેવા માટે અનાજના <u>સ્ટોર</u> પર ગયો.

3. વિરુદ્ધ અર્થ આપતા શબ્દો લખો. પરદેશ, હાજર (02)

અ.નિ. કોઈ એક શબ્દ કે વિચાર પરથી ફકરાનું લેખન કરી શકે છે. (05)

પ્રશ્ન -5 વર્ષાઋતુમાં તમારી આસપાસના વાતાવરણમાં તમને જોવા મળેલ ફેરફાર વિશે પાંચ વાક્ય લખો.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-6 ગુજરાતી તારીખ-10/12/2021

સમય- 1 કલાક કુલ ગુણઃ25

પ્રશ્ન - 1 શાળામાં હોય તેવા સંગીતના વાદ્યો પૈકી કોઈ એક વાદ્ય વિશે પાંચ-સાત વાક્યોમાં ટૂંકનોંધ લખો. **(5)**

પ્રશ્ન - 2 ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.

એક ઘટાદાર વૃક્ષ પર ઘણાં પક્ષીઓ વસવાટ કરે. વૃક્ષદાદા બધાં પક્ષીઓને પોતાના બાળકો માને. તેઓ એક ડાળી પરથી બીજી ડાળી પર બેસીને આનંદ કરે એ જોઈ વૃક્ષદાદા રાજી થાય.

એક દિવસ વૃક્ષને કોઈ રોગ લાગુ પડ્યો. ધીરે ધીરે તેનાં મૂળિયાં સૂકાવા લાગ્યાં. પાંદડાં પણ લીલાછમમાંથી પીળા અને શુષ્ક થઇ ખરવા લાગ્યાં. કાગડાએ કહ્યું,' હું હવે અહીં નહીં રહું. જંગલમાં બીજાં ઘણાં વૃક્ષો છે, ચાલો ત્યાં જઈએ.' આમ કાગડો તો ઊડી ગયો. ચકલી, કબૂતર, લક્કડખોદ અને મેના પણ બીજા વૃક્ષ પર ઊડી ગયાં. એક માત્ર પોપટ ત્યાં બચ્યો. વૃક્ષે પૂછ્યું,' બેટા, તારે જવું નથી અન્ય પક્ષીની જેમ ? હું તો દિવસે દિવસે નબળો પડી રહ્યો છું.' મીઠુ બોલ્યો, ' વૃક્ષદાદા, હું અહીં જ જન્મ્યો છું અને રમ્યો છું, તમારી ડાળી પર મોટો થયો છું. હું કઈ રીતે તમને છોડીને જઈ શકું?' વૃક્ષે કહ્યું, 'તું જા અહીંથી. મારી પાસે હવે છાંયો આપનાર પાંદડાં નથી, ફળ નથી. હું સુકાઈને પડી જઈશ.' મીઠુ બોલ્યો, 'દાદા, હું તમને સૂકાવા નહીં દઉં, હું તમને પડવા નહિ દઉં.'

વૃક્ષના થડમાં એક બાકોરું હતું, જેના અંદર બહુ બધાં કીટકો અને ઈયળો હતી જે દાદાને ખોતરી ખોતરી અને નબળા બનાવી રહી હતી. મીઠું પોપટે જરા પણ થાક્યા વગર કીટકો અને ઈયળોને ચાંચ વડે દૂર કરી આખા ભાગને સાફ કરી નાખ્યો. અન્ય વૃક્ષમાંથી નવી ખાતરવાળી માટી લાવી એ જમીનમાં ભરી. હવે વૃક્ષદાદા રોગમુક્ત થવા લાગ્યા અને નવી ડાળીઓ ફૂટવા લાગી. વરસાદ પડ્યો અને સૂકાં પાંદડાં ફરી લીલાંછમ બની ગયાં. મીઠુ વડદાદાની ડાળીઓ પર આનંદથી ઝૂલવા લાગ્યો.

(1) 'નિવાસ' માટે ફકરામાં કયો શબ્દ વપરાયો છે? **(1)**

(2) પોપટ વૃક્ષને કેવી રીતે ઉપયોગી થયો ? **(1)**

(3) નીચે પૈકી કયું વાક્ય વાર્તાના સંદર્ભે સાચું છે ? **(1)**

(અ) પક્ષીઓ વૃક્ષદાદાની ડાળીઓ પર આનંદ- કિલ્લોલ કરતાં તેથી વૃક્ષદાદા પક્ષીઓથી નારાજ રહેતા.

(બ) કીટકોના કારણે વૃક્ષદાદા રોગિષ્ટ થયા.

(ક) અતિશય ગરમીને કારણે વૃક્ષદાદા સૂકાવા લાગ્યા.

(4) આપેલ વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો. (2)

- પોપટે અન્ય વૃક્ષની માટી લાવી એ જમીનમાં ભરી.
- મીઠુ વડદાદાની ડાળીઓ પર આનંદથી ઝૂલવા લાગ્યો.
- પોપટે ખૂબ મહેનત કરી બાકોરું સાફ કર્યું.
- વૃક્ષના થડમાં બાકોરું પડ્યું.

પ્રશ્ન - 3 પ્રશ્નોના જવાબ આપો.

(1) તારના ઉપયોગથી વાગતાં બે વાદ્યના નામ લખો. **(1)**

(2) "વાંસલડી વગાડે રે <u>નંદજીનો લાડકો</u> રે લોલ." આ પંક્તિમાં 'નંદજીનો લાડકો' શબ્દના સ્થાને અન્ય શબ્દ લખો. **(1)**

(3) આપેલ પંક્તિના શબ્દો આડાઅવળા થઇ ગયા છે તેને મૂળપંક્તિના સ્વરૂપમાં લખો. **(1)**

અંગૂઠી આંગળીએ ને હીરલા રે અંગૂઠીમાં લોલ.

(4) 'મોલે મોલે ગૂંથી દીધાં પરભુજીએ મોતીડાં રે લોલ.' – પંક્તિનો અર્થ સમજાવો. (2)

પ્રશ્ન - 4 માગ્યા મુજબ લખો. **(5)**

(1) 'છલી વળવું' - ક્રિયાપદનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

(2) અરે તમે અહીંયા ક્યાંથી- યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો.

(3) 'પાદર' અને 'વાંસળી' શબ્દનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો.

(4) નીચેનામાંથી કઈ દ્રવ્યવાચક સંજ્ઞા નથી.

(અ) સોનું (બ) માખણ (ક) બાજરો (ડ) વરઘોડો

(5) 'આમલીની ખટાશ જ એવી હતી કે મારા દાંત ખટાઈ ગયા.' - આ વાક્યમાં ભાવવાચક સંજ્ઞા દર્શાવતો શબ્દ કયો ?

(અ) આમલી (બ) ખટાશ (ક) દાંત (ડ) ખટાઈ

પ્રશ્ન - 5 તમને યાદ હોય એવું શ્રીકૃષ્ણનું ભજન કે ગીત લખો. **(5)**

શિક્ષક માટેઃ

પ્રશ્નક્રમાંક	અ.નિ. નંબર	વિધાન
1	G615	સ્વતંત્ર લેખન કરે છે.
2	G611	સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોનાં જવાબ લખે છે.
3	G610	પાઠ્યપુસ્તક અને વાંચેલી-સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.
4	G619	ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશલેખન વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.
5	G604	પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે તેમજ જાણે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-6 ગુજરાતી તા. 28/01/22

સમય-1 કલાક કુલ ગુણ:25

પ્રશ્ન -1 નીચેના વાક્યો કોણ બોલી શકે તે જણાવો.

1. લેટરપેડ તો મારું છે પણ આ અક્ષર મારા નથી.
2. જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ , સિંધુ બેટા.
3. અક્ષર સારા આવાનું કારણ માત્ર લીસા અને સરસ પાના જ ના હોય..
4. મને ગંદા અક્ષર સુધારવાનો ઉપાય જણાવો.
5. મારા અબ્બુ કહે તેમ હવે કલમથી લખવાનું ચાલુ કરવું પડશે.

પ્રશ્ન-2 પ્રશ્નોના જવાબ આપો.

1. પ્રવાસનું સ્થળ તમારે નક્કી કરવાનું હોય તો તમે ક્યાં જવાનું પસંદ કરશો? શા માટે? આ માટે તમે કેવી તૈયારીઓ કરશો? (3)
2. અક્ષર ખરાબ હોય તો કયા કયા નુકસાન થાય છે તે લખો. (2)

પ્રશ્ન-3 સંવાદની નીચે આપેલ વાક્યોને યોગ્યક્રમમાં લખી સંવાદ પૂર્ણ કરો. (5)

(મેદાનમાં કપડાં ન બગડે ?, તું તારે ભણ, હું રમવા જાઉં છું, એ તો રમીએ એટલે આવડી જાય, મારા ઘરે આવીને મને એ રમતો શીખવને , તું શું રમવા જાય છે ?)

મીનલ : ચાલ આકાશ, ભણવા બેસીએ.

આકાશ: ....

મીનલ: ....

આકાશ: કબડ્ડી, ક્રિકેટ, ગિલ્લીદંડો... ભાઈબંધો જે રમતા હોય તે રમવાનું.

મીનલ: આ રમતો તું કેવી રીતે શીખ્યો?

આકાશ: ....

મીનલ: ....

આકાશ: ઘરમાં ન શીખાય. મેદાનમાં આવવું પડે.

મીનલ: ....

આકાશ: કપડાં બગડે પણ શરીર સુધરે. વળી મજા પણ આવે!

પ્રશ્ન -4 સૂચના પ્રમાણે લખો. (5)

1. "નાચવું" ક્રિયાપદનો ઉપયોગ કરી વાક્ય બનાવો.
2. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.

   નિરંજન મામલો ગંભીર લાગે છે ફસાઈ જઈશું હોં
3. લીટી દોરેલ શબ્દને સ્થાને યોગ્ય રૂઢીપ્રયોગ લખી વાક્ય ફરીથી લખો.

   ગુસ્સે થયેલા પફી પાંડાને જોઈ ચિન્ટુએ <u>હોશ ગુમાવ્યો.</u> (મોતિયા મરી જવા, ઝંખવાણા પડી જવું)

4. શ્રેયા બજારમાં દૂધ લેવા જાય છે. (વાક્યમાંથી દ્રવ્યવાચક નામ શોધીને લખો.)

5. યોગ્ય વિશેષણ મૂકી ખાલી જગ્યા પૂરો.

ચોમાસું બેસતાં જ ..... માટીની સુગંધથી વાતાવરણ મઘમઘી ઊઠ્યું.

પ્રશ્ન -5 મુદ્દા પરથી વાર્તા લખો. **(5)**

એક પ્રાણીસંગ્રહાલય - પફી પાન્ડાનું ઘર - બાળકોનું મનગમતું પ્રાણી - મોન્ટુ અને તેના મિત્રોની પ્રાણીસંગ્રહાલયની મુલાકાત - પફી પાન્ડાના પાંજરા પાસે જવું - જોઈ ખુશ થવું - પફી પાન્ડાની મસ્તી - બાળકોને મોજ - બાળકોનું પફી પાન્ડાના પાંજરા પાસે જ રોકાઈ જવું - મોન્ટુનું આગળ વધવું - ચિન્ટુનું પાન્ડાના પાંજરા પાસે જ રોકાવું - ચિન્ટુ દ્વારા બિસ્કિટ બતાવી પફીને લલચાવવું - પફીને ગુસ્સો - ચિન્ટુના હાથમાં બટકું ભરી લેવું - બૂમાબૂમ કરવી - મિત્રો અને અન્ય લોકોનું ભેગા થવું - ચિન્ટુને પાઠ - કોઈ પ્રાણીને છંછેડવા નહિ.

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1 અને 2	G610	પાઠ્યપુસ્તક અને વાંચેલી-સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.
3	G602	પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદ સમજી શકે છે.
4	G619	ઉચ્ચારણ, વિરામ, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, સારાંશ લેખન, વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે. અને તેનો ઉપયોગ કરે છે
5	G615	સ્વતંત્ર લેખન કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 6 | ગુજરાતી | સપ્ટેમ્બર, 2021

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

G611 સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે.

પ્રશ્ન -1 જાહેર સ્થળોએ જોવા મળતી કોઈ પણ પાંચ સૂચનાઓની નોંધ કરો. **(5)**

G610 પાઠયપુસ્તક અને વાંચેલી-સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

પ્રશ્ન-2 પ્રશ્નોના જવાબ લખો.

(1) અહીં આપેલ શબ્દો પૈકી કયા શબ્દો "રવિશંકર મહારાજ" માટે વપરાયેલ છે? (1)

પુત્ર, સરદાર, માણસાઈના દીવા, તવંગર, મૂકસેવક, ખાનદાની, બાપુ

(2) તમે પ્રાર્થના શા માટે કરો છો ? (2)

(3) '108 એમ્બ્યુલન્સ સર્વિસ' વિશે ચાર-પાંચ વાક્યો લખો. (2)

G611 સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોનાં જવાબ લખે છે.

પ્રશ્ન-3 નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.

એક વખતની વાત. ટોમ બિલાડો દરરોજ વહેલી સવારે ઊઠી જતો, પણ આજે દસ વાગ્યા છતાં ઊઠ્યો નહોતો, કારણ કે ટોમની તબિયત થોડી ખરાબ હતી. ટોમ અને જેરીનું તોફાન સવારથી જ શરૂ થઇ જતું. ટોમને ઊંઘતો જોઇને જેરીએ ટોમને હેરાન કરવાનું વિચાર્યું. ટોમના નાકમાં સળી નાંખીને તેને પજવવા માટે જેરી સળી લેવા બહાર ગયો. સળી લઈને આવ્યો ત્યારે ટોમ ઘરમાં નહોતો. આસપાસમાં બધે જેરી ફરી વળ્યો, પણ ટોમ ન દેખાયો.

છેવટે જેરી પોતાના દરમાં ઘુસી ગયો. આ તરફ ટોમ દવાખાનેથી દવા લઈને આવ્યો અને સાથે ચેરી ફ્રુટ પણ લેતો આવ્યો. ટોમે ચેરી ફ્રીજમાં મૂકી અને પાછો સૂઈ ગયો. આ વખતે જેરી તેને જોઈ ગયો અને છાનોમાનો ચેરી ખાવા લાગ્યો. અચાનક તેના હાથમાંથી ચેરી મુકેલી પ્લેટ પડી ગઈ અને ટોમ જાગી ગયો. ટોમ ગુસ્સે થઇ જેરી પાછળ દોડ્યો. પરંતુ જેરી તેના હાથમાં આવ્યો જ નહીં અને ટોમને હેરાન કરવા લાગ્યો. તબિયત ખરાબ હોવાથી ટોમ થાકી ગયો. તેને અચાનક ચક્કર આવ્યા અને તે જમીન પર પડી ગયો. જેરીને આશ્ચર્ય થયું. તેણે જેમ તેમ કરીને ટોમને ઊભો કર્યો અને પથારીમાં સુવડાવ્યો. ત્યાં જોયું તો દવા પડી હતી. જેરી સમજી ગયો કે ટોમ બીમાર પડ્યો છે.

જેરી ઝડપથી બજારમાં જઈને ચેરી ફ્રુટ લઈ આવ્યો અને પછી ટોમ જાગ્યો ત્યારે પ્રેમથી તેને ખવડાવવા લાગ્યો. વળી બીજા દિવસે ટોમ અને જેરીનાં તોફાન શરૂ થઇ ગયાં.

પ્રશ્નોઃ

(1) જેરી સળી લઈને આવ્યો ત્યારે ટોમ કેમ ના દેખાયો? (1)

(2) ટોમની બીમારીના લક્ષણો કયાં કયાં છે? (2)

(3) ટોમને ઊંઘતો જોઈ જેરીને શું વિચાર આવ્યો? (1)

(4) ટોમ કેટલા દિવસ સુધી બીમાર રહ્યો? (1)

G608 શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાલવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

પ્રશ્ન -4 સૂચના પ્રમાણે લખો.

(1) ઉદાહરણ મુજબ લખો. (1)

ધોળું - દૂધ જેવું

કડવું - .....

કાળું - .....

(2) 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ.' - આ પંક્તિને શું કહેશો ? (1)

(ક) રૂઢિપ્રયોગ (ખ) કહેવત (ગ) કવિતા (ઘ) સુવિચાર

(3) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (1)

- કોઈ ખાસ પ્રસંગે સ્વેચ્છાએ સેવા આપનાર - _____

(4) આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો. (1)

કૈલાસ, કાતર, કંચન, કૃપા

(5) 'ચિર' શબ્દનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. (1)

G618 સ્થાનિક સમસ્યાઓ કે સાંભળેલી સારી- નરસી બાબતો કે વ્યક્તિગત મૂંઝવણભરી પરિસ્થિતિમાં યોગ્ય ઉકેલ શોધી લખે છે.

પ્રશ્ન -5 રમતાં રમતાં તમારા મિત્રને ઈજા થાય તો તમે શું-શું કરશો તે પાંચ-સાત લીટીમાં લખો. (5)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – 6 **ગુજરાતી (ગુજરાતી માધ્યમ)** **જુલાઈ, 2021**

સમય : 2 કલાક **કુલ ગુણ : 50**

અ.નિ. જોયેલી, સાંભળેલી અને કલ્પના કરેલી બાબતોનું વર્ણન કરી શકે છે.

પ્રશ્ન -1 **વરસાદ વરસ્યા પછી તમારી આસપાસ કેવા-કેવા ફેરફારો જોવા મળે છે એનું વર્ણન કરો.** **(5)**

અ.નિ. શબ્દ સમજ દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન – 2 **નીચે લીટી દોરેલ શબ્દને સ્થાને કૌંસમાંનો શબ્દ મૂકી, જરૂરી ફેરફાર કરી વાક્ય ફરીથી લખો.** **(5)**

(1) ઝરમર ઝરમર <u>વરસાદ</u> આવ્યો. (વર્ષા)

(2) જંગલમાંતેણે એક <u>ગુફા</u> જોઈ. (ઝરણું)

(3) કારતક મહિનો આવ્યો એટલે <u>શિયાળો</u> શરૂ થયો. (ઠંડી)

(4) જમનાબાએ અશોકની થાળીમાં એક <u>રોટલો</u> મૂક્યો. (રોટલી)

(5) ત્યાં કેવડો મોટો <u>અજગર</u> છે ! (નદી)

અ.નિ. રૂઢિપ્રયોગો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન -3 **કૌંસમાં આપેલા રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી નીચેનાં વાક્યો ફરીથી લખો.** **(5)**

(પગે પાંખો ફૂટવી, મન ઠારવું, આકાશપાતાળ એક કરવા, પગ ઉપાડવો, કાગડોળે રાહ જોવી)

(1) નાનકડી સકીના શાળા ખુલવાની આતુરતાથી વાટ જોતી હતી.

(2) ચિત્રસ્પર્ધામાં પહેલો નંબર આવ્યો એટલે એ ખૂબ જ ઉત્સાહમાં આવી ગયા.

(3) કરશને મનુને કહ્યું, 'ઝડપથી ચાલ જેથી અંધારું થતાં પહેલાં ઘરે પહોંચી જઈએ.'

(4) પિતાએ ખૂબ જ મહેનત કરીને દીકરીને ભણાવી છે.

(5) લીમડાનો શીતળ વાયરો સૌને આનંદ આપી ગયો.

અ.નિ. આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.

પ્રશ્ન – 4 **આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** **(5)**

(1) ઘઉં, પવન

(2) કોરોના ,દવાખાનું

(3) વાદળ, રસ્તો

(4) રોટલો, વરસાદ, ગાય

(5) ટેલિવિઝન, રમત, અભ્યાસ

અ.નિ. વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચીને સમજી શકે છે.

પ્રશ્ન-5 **નીચેના ફકરામાં આડાઅવળાં વાક્યો આપેલાં છે તેને અર્થ સમજાય એ રીતે યોગ્ય ક્રમમાં ગોઠવી ફકરો ફરીથી લખો.** **(5)**

નામ એનું પિન્ટુ. એક દિવસ બગીચામાં એક નાનું, નવું પતંગિયું આવ્યું. એક સુંદર નાનકડો બગીચો હતો. પિન્ટુને પણ એમની સાથે રમવાનું મન થયું. બગીચામાં જાતજાતના રંગબેરંગી ફૂલો ખીલે. એણે ત્યાં ઘણાં બધાં પતંગિયાંને રમતાં જોયાં.

અ.નિ. આશરે ૨૫૦૦ જેટલા શબ્દો સમજી અને શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્ન - 6 **કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(5)**

(પહોંચી, બિમાર, ડુંગરા, ડોક્ટરે, આગળ, વટાવી, પાછો, હિંમતથી, ધન્ય, પાર)

અને એ હિંમતભેર .....વધ્યો. .....વટાવ્યા, ખીણો....., વગડા વટાવ્યા. સ્મશાન વટાવ્યું, નદી.....કરીને એ દવાખાને.....ગયો. રાતોરાત ડોક્ટરને લઈને ઘેર આવી પહોંચ્યો. .....માતાને ખાતરી હતી કે દીકરો ..... આવશે. એટલે એ .....ટકી રહ્યા હતા. .....માતાને તપાસીને કહ્યું, "..... છે તમારી હિંમતને !"

અ.નિ . ભાષામાં થયેલી વિવિધ રજૂઆત સાંભળી અને મુખ્ય વિચાર સમજી શકે છે.

પ્રશ્ન-7 **નીચે આપેલ પત્ર વાંચી તેના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.** **(5)**

મયૂરભાઈ ટેહૂક
હિરકવન સોસાયટી,
ધરતીનગર.
તા. 01/07/2021

પ્રિય વરસાદભાઈ,
કેમ છો?

તમારું આગમન થવાનું હોય એ પહેલાં મારા મીઠા અવાજે તમને બોલાવું તેને બધા ટહુકો કહે છે. એટલે ટેહૂક મારી અટક જેવી થઈ ગઈ છે. વરસાદભાઈ તમે તો જુદો જુદો અવાજ કાઢી શકો છો. તમે જમીન પર પડો ત્યારે ઝરમર ઝરમર અવાજ, પાણીમાં પડો ત્યારે ટપટપ, પતરા પર પડો ત્યારે ખનખન જેવો જાણે ઝાં ઝરનો અવાજ અને નળિયા પર પડો ત્યારે જુદો અવાજ. તો તમારી અટક કઈ છે વરસાદભાઈ?

હવે તો તમારી ઋતુ શરૂ થઈ છે. તમારી સાથે નહાવાની ખૂબ મજા પડશે.

વાદળીમાસી મજામાં છે ને? એમને મારી યાદ આપજો. તમે હરિયાળી પાથરવા અહીં વહેલા આવજો.

એ જ લિ.
મયૂર

(1) આ પત્ર કોણે કોને લખ્યો છે?

(2) આ પત્ર ક્યાં થી લખવામાં આવ્યો છે?

(3) જેમ મોરની અટક ટેહૂક છે તેમ તમે વરસાદને કઈ અટકથી બોલાવશો?

(4) વરસાદભાઈનો જુદો જુદો અવાજ શા માટે હશે?

(5) 'વરસાદની મોસમ શરૂ થઈ છે'. - એ અર્થવાળું વાક્ય પત્રમાં થી શોધીને લખો.

અ.નિ. પત્રલેખન કરી શકે છે. (5)

પ્રશ્ન-8 તમારા મિત્રના પપ્પાને કોરોના થયો છે તે અંગેનો પત્ર તમારા મિત્રને લખો.

અ.નિ. સમયપત્રક, નકશા, પ્રતીકો અને લખાયેલી સામગ્રી વાંચી અને સમજી શકે છે.

પ્રશ્ન-9 બિલના આધારે પ્રશ્નોના જવાબ આપો. **(5)**

રળિયામણી નર્સરી, સરદાર રોડ- અમદાવાદ

બિલ નંબર-૨૪ તા. ૦૫/૦૭/૨૦૨૧

નામઃ બાગપ્રેમી ગામઃ હરિયાળું વન

ક્રમ	છોડનું નામ	નંગ	ભાવ (રૂ.)	રકમ (રૂ.)
1	મધુમાલતી	5	40	200
2	જરબેરા	6	10	60
3	જાસૂદ	3	25	75
4	અરડૂસી	2	30	60
5	કેળ	5	50	250
			કુલ રકમ	645

ઉધાર માંગીને શરમાવશો નહીં. રતન માળી

વૃક્ષો વાવો- ધરતી બચાવો.

(1) બિલના ગ્રાહક અને બિલ બનાવનાર કોણ છે?

(2) આ નર્સરીનું નામ શું છે? તે ક્યાં આવેલી છે?

(3) કયા કયા છોડની ખરીદી સરખી કિંમતની થયેલ છે?

(4) કયા કયા છોડની સંખ્યા સરખી છે પરંતુ કિંમત અલગ છે?

(5) 'વૃક્ષો વાવો- ધરતી બચાવો.' આ બિલ પર આવું જ શા માટે લખ્યું હશે?

અ.નિ. પરિચિત પરિસ્થિતિ કે વિષય પર વાક્યો લખી શકે છે. (5)

પ્રશ્ન-10 નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી આઠ- દસ લીટીમાં વાર્તા બનાવો.

(ચાંદામામા, સપનું, ભૂખ, દૂધ, અજવાળું, ખુરશી, બિસ્કિટ, સસલું, ગીત, કોયલ)